અમદાવાદ શહેરમાં ૨૬ જુલાઈ, ૨૦૦૮માં થયેલા ૨૦ શ્રેણીબદ્ધ સિરીયલ બ્લાસ્ટમાં ૫૮ લોકોના મોત અને ૨૪૪ લોકો ઘાયલ થયા હતા. આ મામલે અમદાવાદમાં ૨૦ અને સુરતમાં બોમ્બ મુકી બ્લાસ્ટ કરવાના ષડયંત્ર મામલે ૧૫ ફરિયાદ થઇ હતી. આમ કુલ ૩૫ કેસો એકસાથે ભેગા કરી દેવામાં આવ્યા છે. આ કેસમાં ૭૮ આરોપીઓને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડયા છે અને તેમની સામે જુદી જુદી પુરવણી ચાર્જશીટ પણ કરી છે. જયારે આ કેસમાં ૮ આરોપીઓ એવા છે જેને પોલીસ હજુ શોધી રહી છે. નોંધનીય છે કે, આ કેસ ખાસ એડવોકેટ એચ.એમ.ધ્રુવ, અમિત પટેલ, મિતેષ અમીન અને સુધીર બ્રહ્મભટ્ટે લીધી હતી.અમદાવાદમાં ૨૦૦૮માં થયેલા સિરિયલ બ્લાસ્ટ કેસમાં આજે ચુકાદો આવવાનો હતો. પરંતુ સ્પેશિયલ કોર્ટના જજ એ.આર.પટેલ કોરોના સંક્રમિત હોવાથી આ ચુકાદા માટેની સુનાવણી હાથ ધરાઈ નથી. જેથી હવે આ સુનાવણી આગામી ૮મી ફેબ્રુઆરીએ હાથ ધરાશે. જજમેન્ટ અગાઉ સંબંધિત એજન્સીઓને પણ જાણ કરવામાં આવશે એવું પબ્લિક પ્રોસિક્યુટરે જણાવ્યું હતું. આ મામલે કુલ ૭૮ આરોપીઓ સામે કેસ ચાલ્યો હતો. બ્લાસ્ટ કેસમાં જેલમાં રહેલા આરોપીઓને ૧લી ફેબ્રુઆરીના રોજ ચુકાદો આપવાનો હોવાની જાણ કરવામાં આવી હતી. બ્લાસ્ટ કેસનો ચુકાદો હોવાના પગલે કાંરજ પોલીસ દ્વારા સેશન્સ કોર્ટમાં નિરીક્ષણ કર્યુ હતુ. જયારે સારબમતી જેલમાં પણ બ્લાસ્ટના આરોપીઓને જે બેરેકમાં રાખવામાં આવ્યા હતાં.જેલની સુરક્ષાની શહેર પોલીસ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આઈબીના અધિકારીઓએ પણ જેલ તથા કોર્ટ સંકુલમાં તપાસ કરી હતી. બીજી તરફ અન્ય રાજયોની જેલમાં રહેલા યાસીન ભટ્ટકલ સહિતના આરોપીઓ સામેનો કેસ ભેગો કરવા માટે તપાસનીશ એજન્સી દ્વારા કોર્ટમાં કરવામાં આવેલી અરજીમાં ચુકાદા બાદ સુનાવણી હાથ ધરાશે. આ કેસમાં કાવતરા અને બ્લાસ્ટના આરોપી અયાઝ સૈયદ તાજના સાક્ષી બનીને કોર્ટમાં જુબાની આપી હતી. આ કેસમાં ૧,૧૬૩ સાક્ષીઓની જુબાની લેવાઇ ચુકી છે.જયારે ૧,૨૩૭ સાક્ષીઓને સરકાર દ્વારા પડતા મુકાયા છે. આ કેસમાં મોટાભાગના સાક્ષીઓએ ફીટ જુબાની આપી હતી. બ્લાસ્ટના કેસોમાં જુદી જુદી ૫૪૭ જેટલી ચાર્જશીટ કરાઈ છે. એક ચાર્જશીટમાં ૭૦૦૦ પાનાનો ઉપયોગ કરાયો છે, આરોપીઓના ફ્રૂધર સ્ટેટમેન્ટ લેવામાં આવ્યા છે. આ કેસમાં દરેક આરોપીનું ફ્રૂધર સ્ટેટમેન્ટ ૪૭૦૦ પાનાનું છે એટલે ૭૮આરોપીના આગળના સ્ટેટમેન્ટ ૩,૪૭,૮૦૦ પાનાના થયા હતા.જયારે આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓએ વિડીયો કોન્ફ્રન્સથી ફ્રૂધર સ્ટેટમેન્ટ આપવાનો ઈનકાર કરી દીધો હતો.

# સુરતમાં ઘણા સમયથી પાર્ક થયેલી કારમાં અચાનક આગ લાગી

સુરત, સુરતના છાપરા ભાઠા રોડ ઉપર એક કાર અચાનક ભડ ભડ સળગવા લાગી હતી. જોકે બર્નિંગ કારને પેટ્રોલીંગ કરતી પોલીસ વાનના કર્મચારીઓએ તાત્કાલિક ફાયરને જાણ કરતા ફાયરના જવાનોએ દોડી આવી બર્નિંગ કારની આગને કાબૂમાં લીધી હતી. હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, તપાસમાં કાર ત્રણ મહિનાથી એક જ જગ્યાએ પર પાર્ક હોવાનું જાણવા મળ્યું હતું. હેડ કોન્સ્ટેબલ અમરોલીએ જણાવ્યું હતું કે, અમારી ટીમ પેટ્રોલિંગમાં હતી. રાહદારી દોડીને આવ્યો ને પોલીસ વાન ઉભી રાખી હતી. એક કાર સળગી રહી હોવાનું કહેતા અમે દોડીને ઘટના સ્થળે ગયા હતા. જયાંથી ફાયરને કોલ કરતા ફાયરની ટીમ પણ દોડી આવી હતી. કાર બિન વારસી હોવાનું અને ત્રણ મહિનાથી એક જ જગ્યા પર પાર્ક હોવાનું જાણવા મળ્યું છે. જોકે કાર આખી બળીને ખાક થઈ ગઈ હતી. હાલ કારના માલિકની શોધખોળ ચાલી રહી છે.ફાયર વિભાગે એક કાર સળગી રહી હોવાની જાણ બાદ ફાયરની ટીમને ઘટના સ્થળે મોકલવામાં આવી હતી. કાર ભડ ભડ સળગી રહી હતી.

# મિત્રને આપેલા પૈસા પરત ન આવતા યુવકે ઝેરી દવા ગટગટાવી ગયો

રાજકોટ, રાજકોટ શહેરના સાધુ વાસવાણી રોડ ઉપર રહેતો અને મુંજકામાં સ્ટુડિયો ધરાવતા અભિષેક દીપકભાઈ કામલીયા (ઉ.૨૬) નામના યુવાને ગઈકાલે બપોરે તેના મિત્રને મેસેજ કર્યો હતો જેમાં ’મેં દુકાને આપઘાત કરી લીધો છે હવે કાઈ ભેગું થાય તેમ નથી’ તેવું કહી ઝેરી દવા પી લીધી હતી. આ મેસેજ મિત્રને બે કલાક પછી જોયા બાદ દુકાને આવી અભિષેકને ૧૦૮ મારફતે ખાનગી હોસ્પીટલમાં ખસેડ્યો હતો. બનાવને પગલે યુનિવર્સિટી પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો. પોલીસે તપાસ કરતા આ પગલું ભરતા પહેલા યુવકે લખેલી એક સ્યુસાઇડ નોટ પણ મળી આવી હતી. જેમાં તેણે લખ્યું હતું કે, મેં ત્રણેક વર્ષ પૂર્વે મારા મિત્ર સિદ્ધરાજ ભુપતભાઈ સાકરિયાને મિત્રતાના દાવે ઉછીના પૈસા આપ્યા હતા ત્યારબાદ તેના પરિવારને પૂછતાં તેના પિતા ભુપતભાઈએ સિદ્ધરાજ ઉપર દેણું થઇ ગયું છે છ મહિના માટે પૈસાની જરૂર છે તેમ કહી રૂ.૨૦ લાખ માંગતા જુદા જુદા મિત્રો પાસેથી ઉછીના લઈને મેં આપ્યા હતા

# કડાણાના સંધરી પંચાયતના વિજય સરઘસમાં બિયર ઉડાડવામાં આવી

દીવડા, કોરોના વાઈરસને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સોશીયલ ડિસ્ટન્સની ગાઈડલાઈનના ખુલ્લેઆમ ધજાગરા ઉડાવી સમર્થકો ડીજેના તાલે હાથમાં બિયર રાખી ઝૂમતા હોવાનું પણ વિડિયોમાં જોવા મળ્યું હતું. ત્યારે આ વિજય સરઘસમાં અમુક લોકો માસ્ક ન પહેરી કોરોનાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થયું હોવાનું વીડિયોમાં સ્પષ્ટ જોવા મળ્યું હતું. પોલીસે આ વીડિયોની તપાસ કરતા આ વિજય સરઘસમાં ઉપસરપંચ મમતાબેન તરાળના પતિ રમેશભાઈ પુંજાભાઈ તરાળની આગેવાનીમાં કાઢવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું.મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના સંધરી ગામમાં ઉપસરપંચની વરણી બાદ કાઢવામાં આવેલ વિજય સરઘસમાં સભ્યો તેમજ સમર્થકો ખુશીમાં ભાન ભુલ્યાનું વિડિયો વાઇરલ થયો હતો. સંધરી ગ્રામ પંચાયતમા ઉપસરપંચની ચૂંટણીમાં ઉપસરપંચ તરીકે મમતાબેન રમેશભાઈ તરાળની નિમણુક થતાં વિજય સરઘસ નિકળ્યું હતુ. જેમાં અમુક ઈસમો દ્વારા જાહેરમાં બિયરની બોટલો ખોલી ફુવારા ઉડાવતા હોવાનો વીડિયો સોશીયલ મિડીયામાં વાયરલ થયો હતો. જેમાં કડાણા પોલીસ દ્વારા આ વિજય સરઘસમાં ૧૫૦થી વધુ લોકો ભેગા કરી બેદરકારીપૂર્વક કૃત્ય કરવા બદલ રમેશભાઈ પુંજાભાઈ તરાળ, અખમાભાઈ રમણભાઈ ખાંટ, કમલેશભાઈ ભુરાભાઈ, રમેશભાઈ મણીભાઈ માલીવાડ અને રોશનભાઈ હરિભાઈ રાવલ સામે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# દમણ ગંગા સાથે ગુજરાતની તાપી અને નર્મદા નદી જોડવાની ઘોષણા

સુરત, ભારતમાં ઉપલબ્ધ જળરાશીનાં માત્ર ૨% જળરાશી ગુજરાતમાં ઉપલબ્ધ છે. જયારે દેશની ૫% વસ્તી ગુજરાતમાં વસે છે.જેથી નદીઓના જોડાણની તાતી જરૂરીયાત છે.દક્ષિણ અને મધ્ય ગુજરાતનો ૨૯% જેટલા વિસ્તારમાં જરૂરિયાત કરતાં પણ વધારે પાણી છે.જેથી નદીઓના જોડાણથી જયાં પાણીની જરૂરીયાત છે ત્યાં આસાનીથી પહોંચાડી શકાશે.ઉપલબ્ધ જળ સંશાધનોની જળસ્ત્રોતો ના સંકલિત વ્યવસ્થાપન દ્વારા સપ્રમાણમાં વહેંચણી કરી શકાશે.સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાંથી શહોરી વિસ્તારો તરફનું પ્રજાનું સ્થળાંતર અટકાવી અને આર્થિક ક્ષમતા વધારી શકાશે. દમણગંગા, પાર, તાપી અને માર્ગમાં આવતી અન્ય નદીઓનાં દર વર્ષે દરિયામાં નકામા વેડફાઇ જતાં વધારાના પાણીનો યોગ્ય ઉપયોગ થશે. સિંચાઇ તેમજ પીવાનાં પાણીની જરૂરિયાતો પૂરી પાડવા માટે અત્યંત ઉપયોગી થશે.દ્વિપકલ્પીય લીંક કેનાલનાં આયોજનમાં ગુજરાતને લાભકર્તા પાર-તાપી-નર્મદા તેમજ મહારાષ્ટ્રને લાભદાયી દમણગંગા-પીજંલ લીંક કેનાલનો સમાવેશ થાય છે. ૪૦૨ કિલોમીટર લંબાઈ ધરાવતી પાર-તાપી-નર્મદા લીંક દ્વારા વાર્ષિક ૧૩૫૦ મીલીયન ઘન મીટર વધારાના પાણી નર્મદા યોજનાનાં કમાંન્ડ વિસ્તાર સુધી વહન કરવાનુ આયોજન છે.દમણગંગા-પીંજલ લીંક દ્વારા મહારાષ્ટ્રના મુંબઈ શહેરને વાર્ષિક ૫૭૭ મીલીયન ઘન મીટર વધારાનુ પાણી પીવાનાં હેતુસર પુરૂ પાડવાનું આયોજન છે.પાર તાપી- નર્મદા લીંક કેનાલનાં આયોજનમાં દક્ષિણ ગુજરાતની પાર, ઔરંગા, અંબિકા અને પૂર્ણા નદીઓનાં સ્ત્રાવક્ષેત્રમાં કુલ સાત જળાશયાનાં બાંધકામનો સમાવેશ થાય છે.દમણગંગા-પીંજલ લીંક નાં આયોજનમાં દમણગંગા નદીનાં સ્ત્રાવક્ષેત્રમાં કુલ બે જળાશયોનાં બાંધકામનો સમાવેશ થાય છે.કેન્દ્રીય મંત્રી નિર્મલા સિતારમણે સંસદમાં બજેટ રજૂ કર્યુ છે. જેમાં દેશ માટે અને ખાસ કરીને ગુજરાત માટે બહુ જ લાભકારક એવા નદીઓના જોડાણની જાહેરાત કરી હતી. આ જાહેરાતમાં કેન્દ્રીય મંત્રીએ દમણ-ગંગા સાથે તાપી અને નર્મદા નદી જોડવાની જાહેરાત કરી છે. જેથી રસ્તામાં આવતી અન્ય સાત મોટી નદીઓ પણ આ પાણીથી નવપલ્લવિત થાય તેવી શક્યતા સેવવામાં આવી રહી છે. ચોમાસા સિવાય ઓછું પાણી ધરાવતી આ નદીઓમાં નર્મદા અને દમણ ગંગાના જોડાણથી બારેમાસ પાણી જોવા મળે એ દિવસો દૂર નથી.

# પાટણ જિલ્લાના પાંચ પાલિકાના ચીફ ઓફિસરોની બદલી

પાટણ, ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગર સચિવાલય દ્વારા જાહેર હિતને ધ્યાનમાં રાખીને ૨૫ જેટલી નગરપાલિકાના ચીફ ઓફિસરોની આંતરિક બદલીઓ કરવામાં આવી છે. જેમાં પાટણ નગરપાલિકાના ચીફ ઓફિસર પંચાભાઈ માળીની બદલી હળવદ ખાતે કરવામાં આવી છે. તો તેમની જગ્યાએ પાટણ નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે બનાસકાંઠા જિલ્લાના થરાદ નગરપાલિકા નાં ચિફ ઓફિસર તરીકે ફરજ બજાવતા પંકજભાઈ બારોટની નિયુક્તિ કરવામાં આવી છે. જ્યારે સિદ્ધપુર નગરપાલિકાના ચીફ ઓફીસર જીતેન્દ્ર પટેલની બદલી ચાણસ્મા નગરપાલિકા, ચાણસ્મા નગરપાલિકાના ચીફ ઓફીસર કુ. તેજલબેન મુધવાની બદલી વાંકાનેર, હારીજ નગરપાલિકાના ચીફ ઓફીસર રૂડાભાઈ રબારીની બદલી ધાનેરા અનેરાધનપુર નગરપાલિકાના ચીફ ઓફીસર જીગ્નેશ બારોટની બદલી ઉમરગામ ખાતે કરવામાં આવી છે.

# મુલાકાતીઓ માટે વિવિધ ઇ વ્હીકલ્સ સર્વિસની રજૂઆત કરતું સાયન્સ સિટી



અમદાવાદ, ગુજરાત સાયન્સ સિટી ખાતે અધતન ઇલેક્ટ્રિક વ્હીકલ સર્વિસની રજૂઆત કરવામાં આવી છે. આજે ગુજરાત સાયન્સ સિટીના એક્ઝીક્યુટિવ ડિરેક્ટર શ્રી એચ. સી. મોદી. દ્વારા મુલાકાતીઓ માટે ઇ વ્હીકલ સર્વિસ નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગુજરાત સાયન્સ સિટી તમામ વયજૂથના લોકોને આકર્ષે છે. આ દિશામાં ખાસ કરી ને ઉંમરલાયક વ્યક્તિઓ અને શારીરિક અક્ષમ લોકો માટે આ ઇ વ્હીકલ સર્વિસ સગવડ ભરી છે. આ ઉપરાંત વિવિધ પ્રકલ્પો ની ઝડપી અને સુવિધાભરી સગવડ નો લાભ કોઈ પણ લઈ શકે છે. સેગ વે સ્કૂટર પર સાયન્સ સિટીમાં સ્ટાઈલ થી ફરવું યુવાઓને એક અનોખો અનુભવ આપે છે. –


## PRAVEG COMMUNICATIONS (INDIA) LIMITED

(Formerly Sword and Shield Pharma Limited in which Praveg Communications Limited has amalgamated)

PRAVEG Accelerating ideas

**CIN: L24231GJ1995PLC024809**
**Registered Office:** 214, Athena Avenue, Behind Jaguar Showroom, S.G. Highway, Gota, Ahmedabad-382481
**Website: www.praveg.com**
**Email: cs@praveg.com | Phone: +91 79 27496737**

### NOTICE

Pursuant to Regulation 29 read with 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (Listing Regulations), notice is hereby given that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on **Thursday, February 10, 2022** inter alia to consider and approve the standalone and consolidated unaudited financial results of the Company for the quarter / nine-months ended December 31, 2021.

The said notice may be accessed on the company's website at www.praveg.com and may also be accessed on the stock exchange's website www.bseindia.com.

**For Praveg Communications (India) Limited**
(Formerly known as Sword and Shield Pharma Limited)
**Mukesh Chaudhary**
Company Secretary & Compliance Officer

Place : **Ahmedabad**
Date : **February 2, 2022**



## SHANTAI INDUSTRIES LIMITED

**CIN: L74110GJ1988PLC013255**
**Reg Office :** 820, Golden Point, Nr. Telephone Exchange, Begampura, Falsawadi, Ring Road, Surat-395003 **Tel:** 9913425000
**Website:** www.shantaiindustrieslimited.com, **Email-id:** shantaiindustriesltd@gmail.com

**Extract of Unaudited Financial Result for the Quarter and Nine months ended 31st December, 2021**
**(Amount in Lakh except EPS)**

| Sl. No. | Particulars | Quarter ended 31st December 2021 | Nine Months Ended 31st December 2021 | Quarter ended 31st December 2020 |
|---|---|---|---|---|
| | | (Unaudited) | (Unaudited) | (Unaudited) |
| 1 | Total Income from Operations | 105.96 | 105.96 | 3.12 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 19.86 | 7.38 | 5.28 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 19.86 | 7.38 | 5.28 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 19.86 | 7.38 | 5.28 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income(after tax)] | 19.86 | 7.38 | 5.28 |
| 6 | Paid-up Equity Share Capital (face value of Rs.10/- each) | 150.00 | 150.00 | 150.00 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year* | - | - | - |
| 8 | Earnings Per Share (face value of Rs. 10/- each) (for continuing and discontinued operations) | | | |
| | 1. Basic | 1.32 | 0.49 | 0.35 |
| | 2. Diluted | 1.32 | 0.49 | 0.35 |

* Reserves for the year ended March 31, 2021 was Rs. 599.59 Lakh and for the March ended 31, 2020 was Rs. 699.87 Lakh

Note:
1. The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) at www.bseindia.com and the listed entity at www.shantaiindustrieslimited.com.
2.The above financial results have been reviewed and recommended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at its meeting held on 01st February, 2022.
3. The limited review as required under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 has been completed by the auditors of the Company.

For Shantai Industries Limited
Sd/-
Harishbhai Fatandas Sawlani
Managing Director
DIN: 00831848

Date: 02-02-2022
Place: Surat



Piramal Capital & Housing Finance

## પીરામલ કેપીટલ અને હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

(વિધિવત દિવાન હાઉસિંગ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે જાણીતી)
રજી.ઓફિસ : યુનિટ નં.૬૦૧, છઠ્ઠો માળ, પીરામલ અમીતી બિલ્ડીંગ, પીરામલ અગસ્તય કોર્પોરેટ પાર્ક, કમાની જંક્શન, ફાયર સ્ટેશન સામે, એલ.બી.એસ.માર્ગ,કુર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૦ ટે.ફો.-૯૧ ૨૨ ૩૮૦૨ ૪૦૦૦
CIN:L65910MH1984PLC032639, Website :www.piramalfinance.com
શાખાનું સરનામું : ધીરજ બાગ, બિલ્ડીંગ-એ ગ્રાઉન્ડ અને પહેલો માળ, એક્સીસ બેંકની બાજુમાં,મોનાલિસા બિલ્ડીંગ સામે,આગ્રા રોડ,હરિ નિવાસ સર્કલ, નાનુપાડા, થાણે (વેસ્ટ)-૪૦૦૬૦૨.

### માંગણા નોટિસ

આથી સિક્યુરીટાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)નો રૂલ ૩(૧) સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર પીરામલ કેપીટલ અને હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના (પીસીએચએફએલ) (વિધિવત દિવાન હાઉસિંગ ફાઇનાન્સ કોર્પોર્શન લિમિટેડ તરીકે જાણીતી(ડીએચએફએલ))ના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. ડિમાન્ડ નોટીસમાં દર્શાવેલ દેવાદારોને આ નોટીસ જાહેર થયાના ૬૦ દિવસની અંદર નોટીસમાં જણાવેલ લેણાં રકમ ભરી જવા માટે જણાવવામાં આવે છે.નોટીસમાં જણાવેલ દેવાદારોની વ્યાજ સાથેની કુલ લેણાં રકમ તથા જામીન તરીકે મુકેલી મિલક્તોની વિગતો નીચે દર્શાવવામાં આવેલ છે.લોન એગ્રિમેન્ટ તથા અન્ય દસ્તાવેજો-લખાણોમાં જણાવ્યા મુજબ દેવાદારોએ લોન ની સામે ગીરો મુકેલ મિલક્તો તથા વ્યાજ અને જો રકમ ભરપાઈ ના થાય તો ગીરો મુકેલ મિલકતો જપ્ત થવા બાબતના નિયમો-શરતો લેખિતમાં મંજુર થયેલ છે.તેની વિગતો પણ નીચે દર્શાવેલ છે.લોન પરત મેળવવા માટે પીસીએચએફએલ એ દેવાદારોએ ગીરો મુકેલ મિલકતોને જપ્ત કરવામાં આવેલ છે તેની વિગતો નીચે જણાવવામાં આવેલ છે.

| દેવાદાર(રો)/સહ દેવાદાર(રો) જામીનદાર(રો)નામ | ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ એનપીએ તારીખ સાથે | સ્થાયી મિલક્તોની વિગતો |
|---|---|---|
| ૧.લોન કોડ નં.૦૦૦૦૮૬૬૯ /વડોદરા શાખા ફારૂકમિંયા એચ. શેખ (દેવાદાર) અફસાનાબીબી ફારૂકમિંયા શેખ (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૨૩,૨૮,૩૯૧/- (ત્રેવીસ લાખ અઠયાવીસ હજાર ત્રણસોને એકાણું રૂપિયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૧૫, તક્ષશિલા ડુપ્લેક્ષ, થાસરા રેલ્વે સ્ટેશન પાસે, ડાકોર-થાસરા રોડ, ખેડા, ખેડા, ગુજરાત-૩૮૮૨૫૦. |
| ૨. લોન કોડ નં.૦૦૦૪૨૭૩૧ / અમદાવાદ અભિજીત-૪ શાખા મનોજકુમારડિંડોલે ગોયલ (દેવાદાર) મંજુ મનોજ ગોયલ (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૭,૯૮,૦૪૯/- (સત્તર લાખ અઠાણું હજાર ઓગણપચાસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ફલેટનં.બી/૫૦૪ સત્યેશ રેસીડેન્સી, એપલવુડ ટાઉનશીપ, મોજે-સનાથલ, તા.સાણંદ, જી.અમદાવાદ, અમદાવાદ અમદાવાદ ગુજરાત-૩૮૨૨૧૦. |
| ૩. લોન કોડ નં.૦૦૦૧૧૬૫૭ / અમદાવાદ શાખા જીવણભાઈ હિરાભાઈ પટણી (દેવાદાર)રમીલાબેન જીવણભાઈ પટણી (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૬,૧૪,૨૭૬/- (સોળ લાખ ચૌદ હજાર બસોને છોતેર રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | બ્લોક નં.૨૧૯/૩,૫ હરિજન સિંધી સી.એચ.એસ. એલ., કનવલ ગલી, મોજે-ઠક્કરબાપા નગર, સૈજપુર બોઘા અમદાવાદ, અમદાવાદ,ગુજરાત-૩૮૨૩૪૫. |
| ૪. લોન કોડ નં.૦૦૦૦૫૧૫૭ /રાજકોટ શાખા સાયરાબેન વસિમભાઈ લોલાડિયા (દેવાદાર)વસિમ ઓદમભાઈ લોલાડિયા (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૫,૧૯,૩૬૭/- (પંદર લાખ ઓગણિસ હજાર ત્રણસોને સડસઠ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | બ્લોક નં.૩, સબ પ્લોટ નં.૧૩, ચંદ્રાપુર, ગુલશનપાર્ક, યકિન ઓટો મોબાઈલ્સ પાછળ, ગુલશનપાર્ક મેઈન રોડ, વાંકાનેર, મોરબી, રાજકોટ, ગુજરાત-૩૬૩૬૨૧. |
| ૫. લોન કોડ નં.૦૦૦૦૮૮૫૮ / સુરત શાખા સિરાજ કાસિમભાઈ મકવાણા (દેવાદાર) શેહનાજબેન સિરાજભાઈ મકવાણા (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૪,૪૪,૫૦૨/- (ચૌદ લાખ ચુમ્માલીસ હજાર પાંચસોને બે રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં. ૨૪૭, સહકાર રેસીડેન્સી, સહકાર ટાઉનશીપની બાજુમાં, અંબોલી ચોકડી પાસે, મોજે-કથોર, કામરેજ, સુરત, સુરત ગુજરાત-૩૯૪૨૧૦. |
| ૬. લોન કોડ નં.૦૦૦૦૬૫૬૫/સુરત શાખા વિક્રમસિંઘ ભગવાનસિંઘ સિંઘ(દેવાદાર) સુશિલાકુંવર વિક્રમસિંઘ સિંઘ(સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૩,૫૩,૦૨૧/- (તેર લાખ ત્રેપન હજાર એખવીસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૨૩૦, ગાર્ડન સિટી-૨, આરાધના પેલેસ સામે, જોલવા ગ્રામ પંચાયત પાસે, મોજે-જોલવા, સુરત, સુરત ગુજરાત-૩૯૪૩૦૫. |
| ૭. લોન કોડ નં.૦૦૦૦૬૫૧૨ / સુરત શાખા અમોલ દીલીપ પાટિલ (દેવાદાર) પ્રમોદ દીલીપ પાટિલ (સહ દેવાદાર૧) વિજુબાઇ દીલીપ પાટિલ (સહ દેવાદાર-૨) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૩,૨૦,૧૬૫/- (તેર લાખ વીસ હજાર એકસોને પાંસઠ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૧૬૩,શ્રીજી પ્રવેશ રેસીડેન્સી-૨, લક્ષ્મીવિલા ટાઉનશીપ પાછળ, તાલંગપોર રોડ, સચીન, સુરત, સુરત ગુજરાત-૩૯૪૨૩૦. |
| ૮. લોન કોડ નં.૦૦૦૦૪૮૦૭ / સુરત શાખા જાસ્મિન પ્રવિણચંદ્ર રંગરેજ (દેવાદાર) ગીતા જાસ્મિન રંગરેજ (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૨,૮૧,૩૭૫/- (બાર લાખ એકયાસી હજાર ત્રણસોને પંચોતેર રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | શોપ બી-૧૬, શ્યામ કોમ્પલેક્ષ, અયોધ્યાનગરી પાસે, નવા રાંદેર રોડ, અડાજણ, સુરત, સુરત ગજરાત-૩૯૫૦૦૯. |
| ૯. લોન કોડ નં.૦૦૦૦૪૧૬૨ / સુરત શાખા દિલીપભાઈ મોહનભાઈ બોરડા (દેવાદાર) શોભનાબેન દિલીપભાઈ બોરડા(સહ દેવાદાર-૧) વશરામભાઈ રાવજીભાઈ ઘોરી (સહ દેવાદાર-૨) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૨,૭૭,૯૧૮/- (બાર લાખ સત્યોતેર હજાર નવસોને અઢાર રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૨૪૦, આરાધના લેક ટાઉન પાર્ટ-૨, આરાધના પેલેસ પાસે, સાહિબા મિલા પાસે, જોલવા, સુરત, સુરત, ગુજરાત-૩૯૪૧૮૦. |
| ૧૦. લોન કોડ નં.૦૦૦૦૦૦૦૧ / ભરૂચ શાખા રજનીકાંત જી.વસાવા (દેવાદાર) શકુંતલાબેન આર. વસાવા (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૧,૯૧,૪૭૦/- (અગિયાર લાખ એકાણું હજાર ચારસોને સીત્તેર રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૧૫, વિજયરથ રેસીડેન્સી, નર્મદા કાલોરક્ષ પબ્લિક સ્કુલ, વિડિયોકોન ગેટ-૨ પાસે, ચાવજ રોડ, ચાવજ, ભરૂચ, ભરૂચ, ગુજરાત-૩૯૨૦૧૨. |
| ૧૧. લોન કોડ નં.૦૦૦૦૫૧૮૦ / સુરત શાખા શિવકુમાર શિવનારાયણ રાજપુત (દેવાદાર) અનિતા શિવકુમાર સિંઘ(સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૧,૬૮,૪૩૭/- (અગિયાર લાખ અડસઠ હજાર ચારસોને સાડત્રીસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૪૬૩, શિવ સાગર રેસીડેન્સી, સર્વોત્તમ હોટલ પાસે, બગુમારા નહેર દાસ્તાન પાસે, સુરત, સુરત ગુજરાત-૩૯૪૩૧૦. |
| ૧૨.લોન કોડ નં.૦૦૦૦૮૩૬૭/ વડોદરા શાખા મુકેશ સી. પટેલ (દેવાદાર) હિરવાલાબેન મુકેશભાઈ પટેલ (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૧,૪૮,૨૮૯/- (અગિયાર લાખ અડતાલિસ હજાર બસોને નેવયાસી રૂપિયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૬૨,દેવવિલા રેસીડેન્સી, દેવ ચોકડી, બાલાસિનોર,ખેડા, ગુજરાત-૩૮૮૨૬૫. |
| ૧૩.લોન કોડનં.૦૦૦૦૦૯૮૮/મેહસાણા શાખા તુષાર સુબોધભાઈ ગેહલોત (દેવાદાર) પ્રતિમાબેન તુષારકુમાર ગેહલોત (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૧,૨૪,૨૦૯/- (અગિયાર લાખ ચોવીસ હજાર બસોને નવ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૨૬, ધરતી રેસીડેન્સી, ડીસી પાલનપુર હાઈવે, ધરતી રેસીડેન્સી પિનાક પેટ્રોલ પંપ, ડીસા, બનાસકાંઠા, ગુજરાત-૩૮૫૫૩૫ |
| ૧૪. લોન કોડ નં.૦૦૦૦૫૪૬૩/ અમદાવાદ શાખા ભાવેશ હસમુખભાઈ પંચાલ (દેવાદાર) સગુણાબેન હસમુખભાઈ પંચાલ(સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૦,૨૭,૫૦૪/- (દસ લાખ સત્યાવીસ હજાર પાંચસોને ચાર રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | એફ-૪૦૨, ધરમ રેસીડેન્સી, એસ.પી.રીંગ રોડ, વિંઝોલ, અમદાવાદ, અમદાવાદ ગુજરાત-૩૮૦૦૫૪. |
| ૧૫. લોન કોડ નં.૦૦૦૧૩૪૬૦/ અમદાવાદ શાખા બડે નશરતા ખાન(દેવાદાર) શહારો બાનો બડે ખાન (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૦,૨૫,૯૩૦/- (દસ લાખ પચીસ હજાર નવસોને ત્રીસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | યુનિટ નં. બી/૭૧૦, શાહ એ આલમ રેસીડેન્સી, રામોલ બાયપાસ રોડ, એ.એમ.સી.પાણી સ્ટેશન પાસે, રામોલ,અમદાવાદ અમદાવાદ ગુજરાત-૩૮૨૪૪૯. |
| ૧૬. લોન કોડ નં.૦૦૦૦૫૧૯૨/ રાજકોટ શાખા શ્રી ક્રિષ્ના ફુડસ(દેવાદાર) ગૌરવભાઈ ચંદ્રકાંતભાઈ રૂપારેલિયા (સહ દેવાદાર-૧) વિશ્વાબેન ગૌરવભાઈ રૂપારેલિયા (સહ દેવાદાર-૨)કમલેશભાઈ ત્રિભોવનભાઈ કાપડિયા (જામીનદાર-૧) હીનાબેન કમલેશભાઈ કાપડિયા (જામીનદાર-૨) વિપુલભાઈ વલ્લભભાઈ ડોંગા (જામીનદાર-૩) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧૦,૨૩,૬૨૪/- (દસ લાખ ત્રેવીસ હજાર છસોને ચોવિસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ફલેટ નં.૪૦૧, ચોથો માળ, મારવેલ પેલેસ, સિદ્ધિ વિનાયક-૨, પ્લોટ નં.૩૭ થી ૪૧, ૪૬ થી ૫૦, ખલિલપુર રોડ, સર્વે નં.૪૭/૧ પી ૨, જોશીપુરા, જુનાગઢ, જુનાગઢ ગુજરાત-૩૬૨૦૦૧. |
| ૧૭. લોન કોડ નં.૦૦૦૦૪૧૭૯/ સુરત શાખા પુનેન્દ્ર શ્રીધર્મ સિંઘ (દેવાદાર) અંકિતા પુનેન્દ્ર સિંઘ (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૯,૮૭,૮૩૩/- (નવ લાખ સિત્યાસી હજાર આઠસોને તેત્રીસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૬૯, ડ્રિમ વિલા, સૈયંમ રેસીડેન્સી પાછળ, હલધરૂ, સુરત, સુરત, ગુજરાત-૩૯૪૩૦૫. |
| ૧૮. લોન કોડ નં.૦૦૦૦૮૬૩૩/ રાજકોટ શાખા શશિકાંત અશોકભાઈ ચુડાસમા (દેવાદાર) જીગ્નાસા શશિકાંત ચુડાસમા (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૯,૮૬,૧૭૧/- (નવ લાખ છયાંસી હજાર એકસોને ઇકોતેર રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ફલેટ નં.૩, બીજો માળ, દર્પણ એપાર્ટમેન્ટ, જેએમસી પાસે, ઓફ જયશ્રી રોડ, રંગોલી આઈસક્રીમ પાસે, જુનાગઢ, જુનાગઢ, ગુજરાત-૩૬૨૦૦૧. |
| ૧૯. લોન કોડ નં.૦૦૦૦૯૧૫૦/ સુરત શાખા દલપતભાઈ ભગવાનભાઈ ખુંટ(દેવાદાર) લતાબેન દલપતભાઈ ખુંટ (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૯,૩૦,૨૩૦/- (નવ લાખ ત્રીસ હજાર બસોને ત્રીસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ફલેટ નં.અ-૩૦૧, પ્રથમ રેસીડેન્સી, ત્રીજો માળ, શિવ દર્શન રેસીડેન્સીની અંદર, ડુંગરા રોડ, મોજે-કામરેજ, સુરત, સુરત ગુજરાત-૩૯૪૨૧૦. |
| ૨૦. લોન કોડ નં.૦૦૦૦૭૦૩૩/ સુરત શાખા ગિરધરભાઈ જમનભાઈ ચોવટિયા (દેવાદાર) ચંદ્રિકાબેન ગિરધરભાઈ ચોવટિયા (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૮,૪૫,૯૭૭/- (આઠ લાખ પિસ્તાલીસ હજાર નવસોને સિત્યોતેર રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ફલેટ નં.એલ-૩૦૫, હરિક્રિષ્ના રેસીડેન્સી, ગોઠણ રેલ્વે ફાટક પાસે, ઉમરા, સુરત, સુરત ગુજરાત-૩૯૪૫૧૦. |
| ૨૧. લોન કોડ નં.૦૦૦૦૦૦૨૪/ અડાજણ શાખા રવિકુમાર શર્મા (દેવાદાર) સીમા શર્મા (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૭,૫૭,૬૪૮/- (સાત લાખ સત્તાવન હજાર છસોને અડતાલીસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ફલેટ નં.૫૦૭, પાંચમો માળ, રાધેક્રિષ્ના રેસીડેન્સી, ક્રિષ્ના રેસીડેન્સી સામે, સુરત, સુરત ગુજરાત-૩૯૪૩૦૫. |
| ૨૨. લોન કોડ નં.૦૦૦૦૯૭૨૦/ સુરત શાખા દોલુભાઈ અતુભાઈ ગોહિલ (દેવાદાર) સોનુબેન દોલુભાઈ ગોહિલ (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૬,૨૪,૩૩૮/- (છ લાખ ચોવીસ હજાર ત્રણસોને આડત્રીસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ફલેટ નં.એ/૧૦૨, દાદા ભગવાન રેસીડેન્સી, મુંબઈમાં વિતરાગ સી.એચ.એસ.એલ., દાદા ભગવાન મંદિર પાસે, નનસદ, કામરેજ, સુરત, સુરત, ગુજરાત-૩૯૪૩૨૭. |
| ૨૩. લોન કોડ નં.૦૦૦૧૦૭૨૨/ અમદાવાદ શાખા ધર્મેન્દ્રસિંહ ભગવાનસિંઘ વાઘેલા(દેવાદાર) ભગવાનજી પોપટલાલ વાઘેલા (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૫,૯૧,૧૩૩/- (પાંચ લાખ એકાણું હજાર એકસોને તેત્રીસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ફલેટ નં.ડી/૨, નવા સોમનાથ નગર સી.એચ.એસ.એલ., બાપુનગર, બાપુનગર, અમદાવાદ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૨૪. |
| ૨૪. લોન કોડ નં.૦૦૦૦૧૫૬૨/ મેહસાણા શાખા રમેશભાઈ દલસાભાઈ નાઈ (દેવાદાર) નયનાબેન રમેશભાઈ નાઈ (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૩,૬૧,૯૭૫/- (ત્રણ લાખ એકસઠ હજાર નવસોને પંચોતેર રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૧૦૦ પૈકી દક્ષિણ બાજુ પૈકી મધ્ય ભાગ બજરંગ નગર, કંટ રોડ, ડીસા, બનાસકાંઠા, ગુજરાત-૩૮૫૫૩૫. |
| ૨૫. લોન કોડ નં.૦૦૦૦૧૧૯૪/ ચાંદખેડા શાખા જીતેન્દ્ર રામબાબુ અગ્રવાલ (દેવાદાર) ગીતા જીતેન્દ્ર અગ્રવાલ (સહ દેવાદાર-૧) રામબાબુ દયારામ અગ્રવાલ (સહ દેવાદાર-૨) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૩,૪૩,૬૨૮/- (ત્રણ લાખ તેંતાલીસ હજાર છસોને અઠયાવીસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ફલેટ નં.જી/૫૦૨, એપાર્ટમેન્ટના પ્લાન મુજબ બ્લોક-બી, યુનિટ-૫૩૬ બી, શાંતી શુક્ર, ઉન્નતી સ્કુલ પાસે, નારોલ કોર્ટ પાછળ, નારોલ, અમદાવાદ, અમદાવાદ ગુજરાત-૩૮૨૪૦૫. |
| ૨૬. લોન કોડ નં.૦૦૦૦૦૨૨૮/ મેહસાણા શાખા અશોકભાઈ ખેમાભાઈ પંડ્યા(દેવાદાર) ગીતાબેન અશોકભાઈ પંડ્યા (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૨,૩૮,૩૭૪/- (બે લાખ આડત્રીસ હજાર ત્રણસોને ચુમોતેર રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૫૪, પાણીની ટાંકી પાસે, મોજે પરબડા (ભોલેશ્વર), તા.હિમ્મતનગર, જી.સાબરકાંઠા, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૦૦૧. |
| ૨૭. લોન કોડ નં.૦૦૦૪૩૧૬૯/ અમદાવાદ-અભિજીત-૪ શાખા સોનિયા કુલદિપસિંહ રતનપાલ(દેવાદાર) પ્રભુજીતસિંઘ કુલદિપસિંઘ રતનપાલ (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૨,૩૪,૨૩૭/- (બે લાખ ચોત્રીસ હજાર બસોને સાડત્રીસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ફલેટ નં.સી/૫૦૫, ગણેશ ગ્રિન્સ, જી.એસ.ટી.ક્રોસિંગ પાસે, ચેનપુર બસ સ્ટોપ સામે, નવા રાણીપ, અમદાવાદ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૮૦. |
| ૨૮. લોન કોડ નં.૦૦૦૦૦૪૨૦/ રાજકોટ શાખા અલ્પેશકુમાર હરિવદન પંચાલ (દેવાદાર) અનિશા અલ્પેશ પંચાલ (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧,૯૩,૪૮૬/- (એક લાખ ત્રાણું હજાર ચારસોને છયાંસી રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | આર.એસ.નં.૨૪૩/પી, પ્લોટ નં.૪૨, બ્લોક નં.૨૩૭, જૈન સોસાયટી, બાપા સીતારામ મઢુલી પાસે, કાલાવાડ જામનગર રોડ, કાલાવાડ, જામનગર, ગુજરાત-૩૬૧૧૬૦. |
| ૨૯. લોન કોડ નં.૦૦૦૦૦૧૯૨ / મેહસાણા શાખા અશોકભાઈ ખેમાભાઈ પંડ્યા (દેવાદાર) ગીતાબેન અશોકભાઈ પંડ્યા (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧,૬૯,૦૭૮/- (એક લાખ ઓગણસિત્તેર હજાર અઠયોતેર રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | પ્લોટ નં.૫૪, પાણીની ટાંકી પાસે, મોજે-પરબડા (ભોલેશ્વર), તા.હિમ્મતનગર, જી.સાબરકાંઠા, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૦૦૧. |
| ૩૦. લોન કોડ નં.૦૦૦૦૯૫૯૨/ અમદાવાદ શાખા લક્ષ્મીનારાયણ નાથુભાઈ કહર (દેવાદાર) હિરાબેન નાથુભાઈ કહર (સહ દેવાદાર-૧) | ૧૮-૧૨-૨૦૨૧/રૂા.૧,૬૪,૭૧૦/- (એક લાખ ચોસઠ હજાર સાતસોને દસ રૂપીયા પુરા) એનપીએ (૯-૧૧-૨૦૨૧) | ઈડબલ્યુએસ, યુનિટ નં.એ એ/૩૦૨, આરએસ નં.૩૧૪/એ, એફપી નં.૩/૧/૨, વિવેકાનંદ નગર પાસે, ગેરતપુર રોડ, હાથીજણ, અમદાવાદ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૪૫. |

જો ઉપર જણાવેલ રકમ, નિયત સમયગાળામાં દેવાદારો પીસીએચએફએલને પરત કરવામાં નિષ્ફળ જશે, તો કાયદાની કલમ ૧૩(૪) મુજબ આગળ કડક કાર્યવાહી કરવામાં આવશે. અને તેના કારણે ઉભા થતાં દરેક સંજોગો-જોખમોની જવાબદારી દેવાદારોની રહેશે. પીસીએચએફએલ ને ઉપર જણાવેલ દેવાદારો,અગાઉથી લેખિત નોટીસ આપ્યા વગર, ઉપર દર્શાવેલ જપ્ત મિલકતોને વેચાણથી કે બીજાના નામે ફેરબદલ અથવા લિઝ પર કોઈ વ્યક્તિને આપી શકશે નહિ તે માટે તેઓ બંધાયેલા છે. જો કોઈ દેવાદાર આમ કરતાં જણાશે તો કાયદા મુજબ તેમને જેલની સજા થઇ શકે છે અથવા પેનલ્ટી પણ લાગી શકે છે.

તારીખ : ૩-૨-૨૦૨૨
સ્થળ : ગુજરાત

સહીં
અધિકૃત અધિકારી
પીરામલ કેપીટલ અને હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ